RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૨ તા.૧૮–૦૫–૧૫
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા

સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની અરજી આઈ.ડી.નં.૧૩૧૦, તા.૧૮–૦૨–૨૦૧૫ મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨ ની માહિતી આપવા બાબત.

સંદર્ભ : અપીલ અધિકારી અને ટાઉન પ્લાનર–(બી) તથા કાર્યપાલક ઈજનેર,સેન્ટ્રલઝોન નો પત્ર નં.સી.ઝેડ./આર.ટી.આઈ./આ.નં.૨૮૬ તા.૨૧–૦૪–૨૦૧૫

મ હા શ ય,

ઉપરોકત વિષય/સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે, રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ અરજદારની અપીલ અરજી નં.૩૨ તા.૧૭–૦૪–૨૦૧૫ અપીલ અધિકારી અને ટાઉન પ્લાનર–(બી) તથા કાર્યપાલક ઈજનેર ધ્વારા સેન્ટ્રલ ઝોનનાં પત્ર નં.સી.ઝેડ./આર.ટી.આઈ./આ.નં.૨૮૬ તા.૨૧–૦૪–૨૦૧૫ થી તબદીલ થઈ અત્રે તા.૨૨–૦૪–૨૦૧૫ ના રોજ મળેલ છે. જેનો ઈનવર્ડ નં.પી.ટી.આર.સી./૪૦ તા.૨૨–૦૪–૨૦૧૫ પડેલ છે. અરજદારની તા.૧૮–૦૨–૨૦૧૫ ની અરજીથી મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન તરફથી સે.ઝોન/આ.નં.૪૦૮, તા.૦૯–૦૩–૨૦૧૫, વેસ્ટ ઝોનના આ.નં.૨૦૦૦, તા.૦૩–૦૩–૨૦૧૫, સેન્ટ્રલ ઝોન શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટના આ.નં.૮૭૩ તા.૧૦–૦૩–૨૦૧૫, લિંબાયત ઝોનના આ.નં.૫૩૪, તા.૧૩–૦૩–૨૦૧૫ ઉધના ઝોનના આ.નં.૮૮૮, તા.૧૩–૦૩–૨૦૧૫ તથા નોર્થ ઝોનના આ.નં.૨૩, તા.૦૪–૦૪–૨૦૧૫ થી અત્રેના વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારની અરજી આઈ.ડી.નં.૧૩૧૦ થી માંગવામાં આવેલ મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી અત્રેના આ.વર્ડ નં.પી.ટી.આર.સી./૦૮, તા.૦૬–૦૪–૨૦૧૫ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે અધૂરી માહિતીથી નારાજ થઈ તા.૦૭–૦૪–૨૦૧૫ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે તેઓની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૧૩૧૦ થી વ્યવસાયવેરા સંબંધિત નીચે જણાવ્યા મુજબની માહિતી માંગેલ છે.

**મુદ્દા નં.૧** : સુરત શહેરમાં છેલ્લા એક વર્ષમાં પ્રો.ટેક્ષ લેવાનો બાકી નીકળતાની યાદી રકમ સહિતની આપવી

**મુદ્દા નં.૨** : સુ.મ.પા. ધ્વારા છેલ્લા એક વર્ષમાં પ્રો.ટેક્ષ લેવાનો માંડીવાળેલ હોય કે ભરવામાં રાહત (બાદ) આપવામાં આવેલ તમામ વ્યકિત,સંસ્થા કે કંપની વિગત અને માંડવાળ બાદ–રાહત– કરેલ રકમની વિગત આપવી

અરજદારે માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ માંગેલ માહિતી તથા તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતી અધિનિયમ–૨૦૦૫ની જોગવાઈઓ તથા ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ ની જોગવાઈઓને વંચાણે લેતાં અરજદારને જાહેર માહિતી અધિકારીએ જે માહિતી પુરી પાડેલ છે તે યોગ્ય હોવાનું જણાય છે. માહિતી અધિકારની કલમ–૮ 'ઘ' માં જણાવ્યા મુજબ " **સક્ષમ સત્તાધિકારીને ખાત્રી થાય કે વિશાળ જાહેર હિતમાં આવી માહિતી પ્રગટ કરવી જરૂરી છે તે સિવાય વાણિજયક ગોપનીયતા, ધંધાકીય રહસ્ય તથા બૌધિક સંપદાન સમાવેશ કરતી માહિતી જે જાહેર થવાથી ત્રાહિત પક્ષકારની સ્પર્ધાત્મક સ્થિતિને નુકશાન થઈ શકે તેમ હોય તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં."** તેવું જણાવેલ છે. તેમજ ૮ 'ચ' માં

(..૨..)

જણાવ્યા મુજબ " **કોઈ માહિતી વિશાળ જાહેર હિતમાં જાહેર કરવી જરૂરી છે તેવી સમક્ષ સત્તાધિકારીને ખાત્રી થાય તે સિવાય વિશ્વસનીય સંબંધોને આધારે વ્યકિત પાસેની ઉપલધ્ધ આવી માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં.** " તેવું જણાવેલ છે.

ગુજરાત રાજય વ્યવસાયવેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ શીડયુલમાં જણાવેલ એન્ટ્રી નં.૧'બ' હેઠળ દરેક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓએ કેન્દ્ર સરકાર, રાજય સરકાર સદર બંને સરકારના જાહેર સાહસો પંચાયત, ગ્રાંન્ટ ઈન એઈડ સંસ્થાઓ સિવાયની સંસ્થાઓએ તેઓને ત્યાં કામ કરતા કર્મચારી / કામદારના માસિક પગારમાંથી વખતોવખત ઠરાવેલ દરે વ્યવસાયવેરાની કપાત કરી આર.સી.વ્યવસાયવેરો નંબર મેળવી નિયત સમય મર્યાદામાં વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે. સદર કાયદાની જોગવાઈ મુજબ આવા આર.સી.કરદાતાએ નિયત નમૂના ફોમ નં.૫ માં જણાવ્યા મુજબ તેઓને ત્યાં કામે રાખવામાં આવેલ કર્મચારી / કામદારને ચૂકવવામાં આવેલ કુલ પગારમાંથી નિયત દરે વ્યવસાયવેરાની કપાત કરી નિયત નમૂના ફોમ નં.૫ માં નિયત કર્મચારીની સંખ્યા અને તેઓ ધ્વારા કપાત કરવામાં આવેલ ભરપાઈ કરવા જોગ રકમ જાહેર કરીને મહાનગરપાલિકાના લાગત ઝોન ઓફિસમાં ભરપાઈ કરવાનો રહે છે.

અત્રેથી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારે માંગેલ માહિતી મુજબ જે કરદાતાઓએ વ્યવસાયવેરાની ચુકવણી કરેલ ન હોય તેવી સંસ્થાઓના નામની યાદી અંગેની માહિતી C.D. ફોરમેટમાં ઉપલબ્ધ કરાવેલ છે. જયાં સુધી આવા કરદાતાઓ ધ્વારા નમૂના પત્રક–૫ માં વ્યવસાયવેરાની માહિતી રજુ ન થાય ત્યાં સુધી આવી રકમની માહિતી ખાતા પાસે ઉપલબ્ધ ન હોય તે સ્વભાવિક છે. તથા માહિતી અધિકારના કાયદાની જોગવાઈ મુજબ રેકર્ડ પર ઉપલબ્ધ માહિતી આપવાની રહે છે.

અરજદારને ડીફોલ્ટર કરદાતાઓના નામ આપવામાં આવેલ છે તેમજ કલમ –૮ અને ૯ ની જોગવાઈને ધ્યાને લઈ કરદાતાઓના હિતોને નુકશાન થાય તેમ હોવાથી જાહેર હિતમાં તેઓના નામ–સરનામાની માહિતી ઉપલબ્ધ કરાવી શકાય નહીં તેવું અત્રેનું માનવું છે.

તે જ પ્રમાણે સદર કાયદાની જોગવાઈ મુજબ એન્ટ્રી નં.૨ થી ૧૦ માં સમાવિષ્ટ થતા કરદાતાઓએ મહાનગરપાલિકામાં નમૂના પત્રક– ૩ માં જરૂરી માહિતી દર્શાવી ઈ.સી.નંબર મેળવવાનો રહે છે. સદર કાયદાની એન્ટ્રી નં.૭ માં ખરીદી તથા વેચાણના ટર્નઓવરના પુરાવાઓના આધારે આવા કરદાતાઓએ નિયત દરે જે તે નાણાંકીય વર્ષમાં વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે. અરજદારે મુદ્દા નં.૨ માં સુરત મહાનગરપાલિકા ધ્વારા છેલ્લા એક વર્ષમાં પ્રો.ટેક્ષ લેવાનો માંડીવાળેલ હોય કે ભરવામાં રાહત (બાદ) આપવામાં આવેલ તમામ વ્યકિત,સંસ્થા કે કંપની વિગત અને માંડવાળ બાદ–રાહત– કરેલ રકમની વિગત આપવી જે માંગેલ માહિતી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ એવી સ્પષ્ટતા કરેલ છે કે વ્યવસાયવેરાની કાયદાની કલમ–૨૬(એ)(૧૩) હેઠળ જે વ્યકિતના ૬૫ વર્ષ પૂરા થયા હોય તેવા અરજદારને ઉંમરના તથા ધંધાની માલિકીના પુરાવા રજુ કર્યેથી જરૂરી ખરાઈ કરી કાયદાની જોગવાઈઓને આધીન સીની.સીટીઝનને વ્યવસાયવેરામાંથી મુકિત અંગેનો લાભ આપવામાં આવે છે. તેમજ ૪૦ % થી વધુ ખોડખાપણ ધરાવતા હોય અને સીવીલ સર્જનનું પ્રમાણપત્ર રજુ કરનાર કર્મચારી / કામદારને વ્યવસાયવેરામાંથી મુકિત આપવા જોગ છે.

સદર કાયદાની જોગવાઈ મુજબ સીની.સીટીઝન કે ૪૦ % કે તેથી વધુ ખોડખાંપણ ધરાવતા હોય તેવા કરદાતાઓને વ્યવસાયવેરામાંથી મુકિત આપવામાં આવે છે અને વ્યવસાયવેરાની વસુલાત કરવાની રહેતી ન હોવાથી ખાતા પાસે આવી માહિતી ઉપલબ્ધ ન હોય તે સ્વભાવિક છે.

આમ અરજદારે માંગેલ માહિતી વ્યવસાયવેરાની કાયદાની જોગવાઈઓ અને માહિતી અધિકાર નિયમોને અવલોકનમાં લેતા ઉપરોકત વિવરણ કર્યા મુજબ અરજદારની રજુઆત ગ્રાહય રાખી શકાય નહીં. અરજદારે જે માહિતી માંગેલ છે તે કરદાતાઓએ મહાનગરપાલિકાને વિશ્વસનીય સંબંધોને આધારે આવા કરદાતાઓએ મહાનગરપાલિકાને માહિતી ઉપલબ્ધ કરાવે છે. તેમાં સદર માહિતી ધંધા, રોજગાર વ્યવસાય સાથે સંકળાયેલ હોય વાણિજયક ગોપનીયતા / ધંધાકીય રહસ્ય તેમજ સંકલિત માહિતી હોય અરજદારને આવી તમામ માહિતી ઉપલબ્ધ કરાવી શકાય નહીં તેવું અત્રેનું માનવું છે. અરજદારને આર.સી.ડીફોલ્ટર કરદાતાઓની માહિતી આપેલ હોય તેથી તેમને ઈ.સી.ડીફોલ્ટર કરદાતાઓના નામની માહિતી પુરી પાડવા જોગ જણાય છે.

# હુકમ

" અરજદારની તા.૧૮–૦૨–૨૦૧૫ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ કાયદાની મર્યાદાને આધિન આર.સી.કરદાતાઓની માહિતી પુરી પાડેલ છે. જેથી  તમામ ઝોનના આકારણી અને વસુલાત અધિકારી તેમજ જાહેર માહિતી અધિકારીઓએ  ઈ.સી.કરદાતાઓના ડીફોલ્ટરના ફકત નામની યાદીની માહિતી પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ વિભાગના સંકલનમાં રહી અરજદારને C.D.  ફોરમેટમાં દિન–૭(સાત) માં વિના મૂલ્યે પુરી પાડવા આદેશ કરવામાં આવે છે. આમ, તેઓની અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
વ્યવસાયવેરા અધિકારી,
પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ

નં.પી.ટી.આર.સી./૫૪
તા.૧૮/૦૫/૨૦૧૫

પ્રતિ, (૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ......જાણ માટે
(૨) શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૩ તા. ૦૩–૦૯–૧૫
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી દિનેશભાઈ સી.ઠકકર

સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિનેશભાઈ સી.ઠકકરની અરજી આઈ.ડી.નં.૯૨૦, તા.૧૬–૦૭–૨૦૧૫ થી માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ અરજી તા.૧૭–૦૮–૨૦૧૫

મ હા શ ય,

ઉપરોકત વિષય/સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે, અરજદાર શ્રી દિનેશભાઈ સી.ઠકકરની તા.૧૬–૦૭–૨૦૧૫ ની અરજીથી વ્યવસાયવેરા અંગે માંગવામાં આવેલ માહિતી બાબતે અંશતઃ પુરી પાડવામાં આવેલ હોવાનું જણાવી નારાજ થઈને પ્રથમ અપીલ અરજી સેન્ટ્રલ ઝોનમાં કરવામાં આવેલ. સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સીસીસી/સી.ઝેડ./આ./૬૪૬, તા.૨૦–૦૮–૨૦૧૫ થી અત્રે મોકલાવેલ છે.

અરજદારની તા.૧૬–૦૭–૨૦૧૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પત્ર નં.સે.ઝોન/આ.ટી.આઈ./જા./૧૪૭૨, તા.૨૦–૦૭–૨૦૧૫ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલને તબદીલ કરેલ હતી. જેના સંદર્ભે પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલના પત્ર નં.પી.ટી.આર.સી./૧૫૪, તા.૦૪–૦૮–૨૦૧૫ થી નિયત સમય અવધિમાં અત્રેને સ્પર્શતા મુદ્દાની માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે નારાજ થઈ તા.૧૭–૦૮–૨૦૧૫ થી અપીલ અરજી કરેલ છે. સેન્ટ્રલ ઝોન મારફત સીસીસી/સી.ઝેડ /આ.નં./૬૪૬, તા.૨૦–૦૮–૨૦૧૫ થી અરજદારની અપીલ અરજી અત્રે મળેલ છે. જેમાં અરજદાર તરફથી વ્યવસાયવેરા વિભાગ જે પરિપત્ર કે ઠરાવને આધારે સીની.સીટીઝન તરીકે વ્યકિતના ૬૫ વર્ષ પછી ગણવામાં આવે છે તે અંગેના લેખિત આદેશની નકલ પુરી પાડવાની રજુઆત કરેલ છે. સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડને ધ્યાને લઈ અરજદારને ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ ની કલમ – ૨૬(એ) હેઠળ ગુજરાત રાજય સરકારના જે જાહેર પરિપત્રના આધારે ૬૫ વર્ષ પુરા કરેલ જીવંત વ્યકિત / વ્યવસાયીને વ્યવસાયવેરા ભરવામાંથી મુકિત આપવામાં આવે છે તે મુજબના પરિપત્રના નંબરની માહિતી પુરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ તેઓના કબજા / નિયંત્રણમાં જે માહિતી હોય તે અરજદારને પુરી પાડવાની રહે છે. રાજય સરકારશ્રીના જાહેરનામા અન્વયે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને તા.૦૧–૦૪–૨૦૦૮ થી સદર કાયદાના અમલીકરણ માટે મુકરર સત્તામંડળ જાહેર કરવામાં આવેલ છે. આ અગાઉ સદર કાયદાનું અમલીકરણ રાજય સરકારના વાણિજિયક વેરા વિભાગ ધ્વારા કરવામાં આવતું હતું.

(..૨..)

## હુકમ

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે વ્યવસાયવેરો જે પરિપત્ર કે ઠરાવને આધારે ૬૫ વર્ષની ઉંમર પછી વેરો ભરવામાંથી મુકિત મળે છે તે અંગેની માંગેલ નકલ વાણિજિયક વેરા વિભાગની કચેરી અથવા ટેક્ષ કન્સલટન્ટ પાસેથી મેળવી ગુજરાત રાજય સરકારના ફાયનાન્સ ડીપાર્ટમેન્ટ ધ્વારા તા.૦૧–૦૪–૧૯૯૯ થી બહાર પાડેલ નોટીફીકેશનની નકલ અરજદારને દિન–૭ માં આર.ટી.આઈ.એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે પુરી પાડવા જણાવવામાં આવે છે.

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
વ્યવસાયવેરા અધિકારી,
પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ

નં.પી.ટી.આર.સી./૧૯૨
તા.૦૩/૦૯/૨૦૧૫

પ્રતિ, (૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ......જાણ માટે
(૨) શ્રી દિનેશભાઈ સી.ઠકકર

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪ તા.૧૪ –૦૯–૧૫
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી જીલરીયા રણમલભાઈ દેવદાનભાઈ

સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી જીલરીયા રણમલભાઈ દેવદાનભાઈની અરજી આઈ.ડી.નં. ૨૯૧, તા.૦૪–૦૮–૨૦૧૫ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

મ હા શ ય,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ અરજદારની અપીલ અરજી અપીલ અધિકારી અને વ્યવસાયવેરા અધિકારીને પી.ટી.આર.સી./ઈન વર્ડ નં.૨૪૩, તા.૧૪–૦૯–૨૦૧૫ થી અત્રે મળેલ છે. અરજદારની તા.૦૪–૦૮–૨૦૧૫ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરી સી./આર.ટી.આઈ./આ.નં./૨૯૧, તા.૦૪–૦૮–૨૦૧૫ થી અત્રેના વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારની અરજી આઈ.ડી.નં.૨૯૧ થી માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અત્રેના આ.વર્ડ નં.પી.ટી.આર.સી./૧૭૩, તા.૧૭–૦૮–૨૦૧૫ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે અધૂરી માહિતીથી નારાજ થઈ તા.૧૧–૦૯–૨૦૧૫ ના રોજ અપીલ અરજી કરેલ. જેમાં અરજદારે તેઓની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં.૨૯૧ થી વ્યવસાયવેરા સંબંધિત નીચે જણાવ્યા મુજબની માહિતી માંગેલ છે.

**મુદ્દા નં.૧** : સુરતમા મહાનગરપાલિકા ધ્વારા હિરા ઉદ્યોગમાં જે વ્યવસાયવેરો લેવામાં આવે છે તે માલિકો પાસેથી વસુલ કરવામાં આવે છે કે રત્નકલાકારો પાસેથી તેની વિગતે માહિતી આપવી.

**મુદ્દા નં.૨** : સુરતમા મહાનગરપાલિકા ધ્વારા હિરા ઉદ્યોગના જે કારખાના વ્યવસાયવેરો ભરે છે તે કારખાનાઓના માલિકોના નામ સરનામા અને તેમાં કામ કરતા રત્નકલાકારોની યાદી સહિત વિગતે માહિતી આપવા વિનંતી.

અરજદારે માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ માંગેલ માહિતી તથા તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતી અધિનિયમ–૨૦૦૫ની જોગવાઈઓ તથા ગુજરાત રાજય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ–૧૯૭૬ ની જોગવાઈઓને વંચાણે લેતાં અરજદારને જાહેર માહિતી અધિકારીએ જે માહિતી પુરી પાડેલ છે તે યોગ્ય હોવાનું જણાય છે. માહિતી અધિકારની કલમ–૮ 'ઘ' માં જણાવ્યા મુજબ " **સક્ષમ સત્તાધિકારીને ખાત્રી થાય કે વિશાળ જાહેર હિતમાં આવી માહિતી પ્રગટ કરવી જરૂરી છે તે સિવાય વાણિજયક ગોપનીયતા, ધંધાકીય રહસ્ય તથા બૌધિક સંપદાન સમાવેશ કરતી માહિતી જે જાહેર થવાથી ત્રાહિત પક્ષકારની સ્પર્ધાત્મક સ્થિતિને નુકશાન થઈ શકે તેમ હોય તેવી કોઈ માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં."** તેવું જણાવેલ છે. તેમજ ૮ 'ચ' માં

જણાવ્યા મુજબ " **કોઈ માહિતી વિશાળ જાહેર હિતમાં જાહેર કરવી જરૂરી છે તેવી સમક્ષ સત્તાધિકારીને ખાત્રી થાય તે સિવાય વિશ્વસનીય સંબંધોને આધારે વ્યકિત પાસેની ઉપલધ્ધ આવી માહિતી આપવાની જવાબદારી રહેશે નહીં.** " તેવું જણાવેલ છે.

ગુજરાત રાજય વ્યવસાયવેરા અધિનિયમ–૧૯૭૬ હેઠળ શીડયુલમાં જણાવેલ એન્ટ્રી નં.૧'બ' હેઠળ દરેક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓએ કેન્દ્ર સરકાર, રાજય સરકાર સદર બંને સરકારના જાહેર સાહસો પંચાયત, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓ સિવાયની સંસ્થાઓએ તેઓને ત્યાં કામ કરતા કર્મચારી / કામદારના માસિક પગારમાંથી વખતોવખત ઠરાવેલ દરે વ્યવસાયવેરાની કપાત કરી આર.સી.વ્યવસાયવેરો નંબર મેળવી નિયત સમય મર્યાદામાં વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે. સદર કાયદાની જોગવાઈ મુજબ આવા આર.સી.કરદાતાએ નિયત નમૂના ફોમ નં.પ માં જણાવ્યા મુજબ તેઓને ત્યાં કામે રાખવામાં આવેલ કર્મચારી / કામદારને ચૂકવવામાં આવેલ કુલ પગારમાંથી નિયત દરે વ્યવસાયવેરાની કપાત કરી નિયત નમૂના ફોમ  નં.પ માં નિયત કર્મચારીની સંખ્યા અને તેઓ ધ્વારા કપાત કરવામાં આવેલ ભરપાઈ કરવા  જોગ  રકમ જાહેર કરીને મહાનગરપાલિકાના લાગત ઝોન ઓફિસમાં ભરપાઈ કરવાનો રહે છે.

તે જ પ્રમાણે સદર કાયદાની જોગવાઈ મુજબ એન્ટ્રી નં.૨ થી ૧૦ માં સમાવિષ્ટ થતા કરદાતાઓએ મહાનગરપાલિકામાં  નમૂના પત્રક– ૩ માં જરૂરી માહિતી દર્શાવી ઈ.સી.નંબર મેળવવાનો રહે છે. સદર કાયદાની એન્ટ્રી નં.૭ માં ખરીદી તથા વેચાણના ટર્નઓવરના પુરાવાઓના આધારે આવા કરદાતાઓએ નિયત દરે જે તે નાણાંકીય વર્ષમાં વ્યવસાયવેરો ભરપાઈ કરવાનો રહે છે.

આમ અરજદારે માંગેલ માહિતી વ્યવસાયવેરાની કાયદાની  જોગવાઈઓ અને માહિતી અધિકાર નિયમોને અવલોકનમાં લેતા ઉપરોકત વિવરણ કર્યા મુજબ અરજદારની રજુઆત ગ્રાહય રાખી શકાય નહીં. અરજદારે જે માહિતી માંગેલ છે તે  કરદાતાઓએ મહાનગરપાલિકાને વિશ્વસનીય સંબંધોને આધારે માહિતી ઉપલબ્ધ કરાવે છે. તેમાં સદર માહિતી ધંધા, રોજગાર વ્યવસાય સાથે સંકળાયેલ હોય વાણિજયક ગોપનીયતા / ધંધાકીય રહસ્ય  તેમજ સંકલિત માહિતી હોય અરજદારને આવી તમામ માહિતી ઉપલબ્ધ કરાવી શકાય નહીં તેવું અત્રેનું માનવું છે તેમજ કલમ –૮ અને ૯ ની જોગવાઈને ધ્યાને લઈ કરદાતાઓના હિતોને નુકશાન થાય તેમ હોવાથી જાહેર હિતમાં તેઓના નામ–સરનામાની માહિતી ઉપલબ્ધ કરાવી શકાય નહીં તેવું અત્રેનું માનવું છે.

**મુદ્દા નં.૩ સુરતમા મહાનગરપાલિકા ધ્વારા હિરા ઉદ્યોગના જે કારખાનાઓમાં સરકારના જે ઠરાવ કે પરીપત્ર ધ્વારા વ્યવસાય વેરો લેવામાં આવે છે તેની એક નકલ આપવા વિનંતી છે.**

સદર  મુદ્દાની લાગત માહિતી અરજદારને અત્રેના આ.નં.પી.ટી.આર.સી./૨૧૦, તા.૧૬–૦૯–૨૦૧૫ થી પુરી પાડેલ છે.

ઉપરોકત તમામ  વિગતોથી વિદિત થઈ અરજદારે માંગેલ માહિતી કાયદાની જોગવાઈ અનુસાર આપવા જોગ માહિતી સરકારનાં ઠરાવ, પરિપત્રની નકલ જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદાર પાસેથી નિયત ફી વસુલ કરી સમય મર્યાદામાં પૂરી પાડેલ છે. તેમજ મુદ્દા નં.૧ એન ૨ થી અરજદારે હિરા ઉદ્યોગમાં જે વ્યવસાયવેરો વસુલવામાં આવે છે અને હિરા ઉદ્યોગમાં સંકળાયેલા રત્ન કલાકારોની યાદી સહિતની વિગતો માંગેલ છે  તે સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ તેમના પત્રમાં સ્પષ્ટતા કરેલી છે કે " આર.સી. કરદાતા (નોકરી દાતા)એ  તેઓને ત્યાં કામ કરતાં કર્મચારીઓ પાસેથી વસુલ કરેલ આર.સી.વ્યવસાયવેરાની ચુકવણી નિયત નમુના ફોર્મ નં.પમાં કર્મચારીઓની સંખ્યા અને ભરપાઈ કરવા જોગ રકમની વિગત જાહેર કરીને મુકરર સત્તા મંડળને નિયત સમયમર્યાદામાં જમા કરાવવાનો રહે છે."

# હુકમ

અરજદારની તા.૦૪–૦૮–૨૦૧૫ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ કાયદાની જોગવાઈ અનુસાર આપવા જોગ માહિતી પૂરી પાડેલ છે. તેથી અપીલ અરજી સંદર્ભે અત્રેથી વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોવાથી અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ હોય તો માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે હુકમ મળ્યાના ૯૦ (નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, બ્લોક નં.૧,સેકટર નં.૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ને અપીલ કરવા હકકદાર છો.

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
વ્યવસાયવેરા અધિકારી,
પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ

નં.પી.ટી.આર.સી./૨૧૫
તા.૨૪/૦૯/૨૦૧૫

પ્રતિ, (૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ......જાણ માટે

(૨) શ્રી જીલરીયા રણમલભાઈ દેવદાનભાઈ

RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૫ તા. ૦૪–૦૨–૧૬
ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧/૩૫૪

અરજદાર : શ્રી ભાવેશ અશોકભાઈ ભીંગરાડીયા

સામાવાળા : સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી, પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ

**ફરિયાદની હકીકત :**

વિષય : આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભાવેશ અશોકભાઈ ભીગરાડીયાની અરજી આઈ.ડી.નં. ૫૦૧, તા.૦૪–૧૨–૨૦૧૫ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

મ હા શ ય,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ અરજદારની અપીલ અરજી અપીલ અધિકારી અને વ્યવસાયવેરા અધિકારીને પી.ટી.આર.સી./ઈન વર્ડ નં.૪૨૯, તા.૦૬–૦૨–૨૦૧૬ થી અત્રે મળેલ છે. અરજદારની તા.૦૪–૧૨–૨૦૧૫ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરી સી./આર.ટી.આઈ./આ.નં./૫૦૧, તા.૦૫–૧૨–૨૦૧૫ થી અત્રેના વિભાગને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારની અરજી આઈ.ડી.નં.૫૦૧ થી માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અત્રેના આ.વર્ડ નં.પી.ટી.આર.સી./૨૯૩, તા.૧૬–૧૨–૨૦૧૫ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે અધૂરી માહિતીથી નારાજ થઈ તા.૦૪–૦૨–૨૦૧૬ ના રોજ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજી અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ માહિતી ના ૩૦(ત્રીસ) દિવસમાં કરવાની રહે છે. અરજદારની અરજી તા.૦૪–૦૨–૨૦૧૬ ના રોજ અત્રે મળેલ છે. અપીલની સમય મર્યાદામાં ૧૮ દિવસનો વિલંબ થયેલ છે.

**મુદ્દા નં.૧** : સુરત શહેરમાં હાલમાં કેટલા ઝોન છે ?

**મુદ્દા નં.૨** : સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને દરેક ઝોનમાંથી વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૫–૧૬ સુધીમાં મિલકત વેરાની કુલ આવક કેટલી થઈ છે ?

→ મુદ્દા નં.૧ અને ૨ ની વિગત અત્રેના ખાતાને સ્પર્શતી ન હોય માહિતી " નીલ " છે.

**મુદ્દા નં.૩** : સુરત મહાનગરપાલિકાના દરેક ઝોનમાંથી વર્ષ ૨૦૧૧ થી વર્ષ ૨૦૧૫–૧૬ સુધીમાં મિલકત વેરા સિવાય બીજી અન્ય આવક કેટલી થયેલ છે ?

→ સુરત મહાનગરપાલિકાના ઝોનો ધ્વારા સને ૨૦૧૧–૧૨ થી સને ૨૦૧૪–૧૫ દરમ્યાન પ્રોફેશન ટેક્ષના ઈ.સી. / આર.સી. કરદાતાઓ પાસેથી વસુલાત કરેલ વ્યવસાયવેરાની મહાનગરપાલિકાની એકત્રીત માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.પી.ટી.આર.સી./૨૯૩ તા.૧૬–૧૨–૨૦૧૫ થી અરજદારને પુરી પાડવામાં આવેલ છે.

અરજદારની અપીલ અરજીના સંદર્ભમાં નાણાંકીય વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૪–૧૫ સુધીની ઝોન પ્રમાણેની વ્યવસાયવેરાની વસુલાતની માહિતી અરજદારને પાઠવવા માટે જાહેર માહિતી અધિકારીશ્રીને જણાવવામાં આવે છે.

# હુકમ

અરજદારની તા.૦૪–૧૨–૨૦૧૫ ની અરજી તથા જાહેર માહિતી અધિકારી તરફથી પુરી પાડવામાં આવેલ માહિતીને વંચાણે લેતાં અરજદારને તેઓની રજુઆત મુજબ ઝોન પ્રમાણે વસુલ કરવામાં આવેલ વ્યવસાયવેરાની આંકડાકીય માહિતી પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ હોય તો માહિતી અધિકાર અધિનિયમ –૨૦૦૫ ની કલમ–૧૯ અન્વયે હુકમ મળ્યાના ૯૦ (નેવું) દિવસમાં ગુજરાત માહિતી આયોગ,કર્મયોગી ભવન, બ્લોક નં.૧,સેકટર નં.૧૦ એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ ને અપીલ કરવા હકકદાર છો.

(એન.જી.શેખ)
અપીલ અધિકારી અને
વ્યવસાયવેરા અધિકારી,
પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ

નં.પી.ટી.આર.સી./૩૪૪
તા.૧૫/૦૨/૨૦૧૬

પ્રતિ, (૧) સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી– પ્રોફેશન ટેક્ષ રીકવરી સેલ......જાણ માટે
(૨) શ્રી ભાવેશ અશોકભાઈ ભીંગરાડીયા